ગાંધીનગર સમાચાર

શહેરમાં રેઇન બસેરા બનાવાની યોજના બે દાયકાથી અદ્ધરતાલ

# આજે ઉમેદવારીપત્રોની ચકાસણી હાથ ધરાશે

## મંગળવાર ઉમેદવારીપત્રો પાછા ખેંચી લેવાનો અંતિમ દિવસ : ચિત્ર મંગળવારે સ્પષ્ટ થઈ જશે

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર મહાનગર પાલિકાની ચૂંટણી માટે ભરાયેલા ઉમેદવારી પત્રોની આજે ચકાસણી હાથ ધરવામાં આવશે. દરેક વોર્ડ માટે અર્ધા કલાક જેટલો સમય હાલ નિયત કરવામાં આવ્યો છે.

ગાંધીનગર મહાનગર પાલિકાની આગામી ૨૪મીએ યોજાનાર ચૂંટણીમાં ૩૨ બેઠકો માટે ૧૭૧ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે. આ ઉમેદવારી પત્રોમાંથી ડમી ઉમેદવારોના ફોર્મ આજે ચકાસણી દરમ્યાન આપોઆપ રદ થશે.

ચૂંટણી અધિકારીશ્રીઓ દ્વારા આ ચકાસણી વોર્ડના ઉમેદવારોની હાજરીમાં કરાશે તેમજ ચકાસણી પ્રક્રિયાની પણ વિડીયોગ્રાફી કરવામાં આવશે. ઉમેદવારી પત્રોની ચકાસણી બાદ લગભગ ચૂંટણીનું ચિત્ર સ્પષ્ટ થઈ જશે. જો કે ઉમેદવારીપત્ર પાછા ખેંચવાનો અંતિમ દિવસ મંગળવારને તા. ૧૨મી એપ્રિલ છે. આ પછી ચિત્ર સંપૂર્ણ સ્પષ્ટ થઈ જશે.

મહાનગરપાલિકાની ચૂંટણી સાથે સંકળાયેલા અધિકારીઓએ ચકાસણીને લગતી તૈયારીઓ પૂર્ણ કરી લીધી છે. ગાંધીનગર મહાનગર પાલિકાની આ દ્વિતીય સામાન્ય ચૂંટણી યોજાઈ રહી છે અને તેના પર સૌની નજર મંડાયેલી છે. ભાજપ અને કોંગ્રેસ એમ બન્ને પક્ષો દ્વારા ડમી ઉમેદવારીપત્રો ભરવામાં આવ્યા છે. તો કેટલાક ઉમેદવારોએ બે સેટમાં ઉમેદવારીપત્રો રજુ કરેલા છે તે પૈકી કોઈ એકને માન્ય રાખી અને બીજાને રદ થયેલુ જાહેર કરાશે.

આ ચૂંટણી માટે ગઈકાલે જે ઉમેદવારી પત્રો ભરવાનો સિલસિલો જોવા મળ્યો છે તે જોતાં શહેરનો આ જંગ ત્રિકોણીય અને ચતુષ્કોણીય વધુ બની રહેશે તેમ પાટનગરના રાજકીય વર્તુળો માની રહ્યા છે.

# આજે પંચાયતની શિક્ષણ સમિતિના ચેરમેનની નિયુકતી માટે બેઠક મળશે

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર જિલ્લા પંચાયતની નવરચિત શિક્ષણ સમિતિના ચેરમેનની નિયુકતી માટે આજે સમિતિની પ્રથમ બેઠક બપોરે બે વાગે મળશે.

જિલ્લા શિક્ષણ સમિતિની અગાઉ મળેલ બેઠકની કાર્યવાહી નોંધ પર સમિતિની બેઠકના કાર્યકારી અધ્યક્ષ દ્વારા સહિ ન કરવામાં આવતા જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ બેઠકની કાર્યવાહી રદ કરવાનો નિર્ણય લીધો હતો.

જિલ્લા વિકાસ અધિકારીશ્રીના નિર્ણય સામે પંચાયત સચિવશ્રીને રિવીઝન અરજી પણ કરવામાં આવી હતી પરંતુ પ્રદેશ નેતાઓની સમયસરની દરમિયાનગીરીને અંતે રિવીઝન અરજી પાછી ખેંચી લેવામાં આવી હતી. આ પછી જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ ૧૧ એપ્રિલના રોજ પુનઃ બેઠક યોજવા માટેના આદેશો જારી કર્યા હતા.

જિલ્લા શિક્ષણ સમિતિની આજની બેઠકને લઈ પંચાયતના રાજકારણમાં થોડોક ગરમાવો જોવા મળે છે. જો કે અગાઉ નિયત થયેલ ઉમેદવાર ગીતાબેન પટેલને યથાવત રાખવામાં આવનાર હોવાથી અને પક્ષના સભ્યોમાં સુલેહ સ્થાપન થઈ ગઈ હોવાથી બેઠક શાંતિથી સંપન્ન થશે તેમ મનાઈ રહ્યું છે.

ગાંધીનગર જિલ્લા પંચાયતની બાંધકામ સમિતિ અને શિક્ષણ સમિતિના ચેરમેનોની નિયુકતીમાં કોંગ્રેસના સભ્યોએ બળવો પોકાર્યો હતો.

બાંધકામ સમિતિની કાર્યવાહી નોંધ પણ રદ કરવામાં આવી હતી પરંતુ પંચાયત સચિવને કરાયેલ રિવીઝન અરજીનો ચુકાદો આવી જતા અમૃતાબેને હોદ્દાનો ચાર્જ સંભાળી લીધો હતો.

જિલ્લા પંચાયતની બાકી રહેલી શિક્ષણ સમિતિના નવા ચેરમેનની નિયુકતી પણ આજે સંપન્ન થતાં તંત્ર હવે તેની ગતિમાં પુનઃ કાર્યરત થઈ જશે.



(તસવીર : કશ્યપ નિમાવત)

માર્ગોની શોભા - નગરના માર્ગો પર ચોમાસા ઉગી નિકળેલા કાંટાવાળા નાના-નાના છોડ પર પણ નયનરમ્ય પુષ્પો પાંગર્યા છે... ખૂબ જ સુંદર રંગ સાથે ખીલેલા પુષ્પો ઘડી-બેઘડી આંખને ઠંડક આપે છે... શહેરના માર્ગો પર ઠેર ઠેર આ પ્રકારના છોડ પરના પુષ્પો નજરે પડે છે... ક્યારેક નકામા લાગતા છોડ નયનરમ્ય બની જાય છે...

# શહેરમાં રેઈન બસેરા બનાવાની યોજના બે દાયકાથી અદ્ધરતાલ

## એક દાયકા પુર્વે કેન્દ્ર સરકાર દ્વારા ગ્રાન્ટ ફાળવવામાં આવી હતી, પરંતુ કોઈ એકશન ન લેવાયા : હાલ જગ્યા પણ નિયત થઈ શકી નથી

ગાંધીનગર તા ૧૦

શહેરના સેકટરોમાં દિનપ્રતિદિન ઝુંપડાના દબાણો વધી રહયા છે. વધતા ઝુંપડાના લીધે સેકટરોમાં વિવિધ સમસ્યાઓ પણ વધુ જટીલ બની છે. ત્યારે શહેરમાં બાંધકામ ક્ષેત્રે કામ કરતા હંગામી મજુરો માટે રેઈન બસેરા બનાવાની યોજના છેલ્લા એક દાયકાથી અધ્ધરતાલ છે. દાયકા અગાઉ કેન્દ્ર સરકાર દ્વારા ગ્રાંન્ટ પણ ફાળવવામાં આવી હતી. પરંતુ જગ્યા નિયત ન થતા હાલમાં પણ રેઈન બસેરાનુ ઠેકાણુ પડયુ નથી.

શહેરમાં દાયકાઓના અંતે પણ ઘણીખરી સમસ્યા વણઉકેલી રહેવા પામી છે. જયારે અનેક રજુઆતના અંતે પણ પ્રશ્નનુ નિરાકરણ આવતુ ન હોવાથી સ્થાનિક અગ્રણીઓમાં પણ રોષ પ્રવર્તયો છે. જેમાં રખડતા ઢોર તેમજ રેઈન બસેરાનો પ્રશ્ન દાયકાઓથી નિરાકરણના અભાવ વચ્ચે ફુટબોલની જેમ ફંગોળાઈ છે. શહેરના સેકટરોમાં રહેણાંક વિસ્તાર આસપાસ તેમજ કોમન પ્લોટ અને વન વિભાગની આરક્ષિત જગ્યામાં ઝુંપડાઓની સંખ્યા દિનપ્રતિદિન વધતી જાય છે. જયારે દબાણ હટાવ ઝુંબેશ પણ વખતો વખત નાટકીય પુરવાર થતા મુળ સ્થિતિ યથાવત રહેતી હોવાનુ પણ સ્પષ્ટ થયુ છે. ત્યારે સરકાર દ્વારા પણ આ સઘળી સમસ્યાઓ નિવારવા માટે સતત ઉપેક્ષા થતી હોવાનો સુર ઉઠવા પામ્યો છે. શહેરમાં કામ કરતા પરપ્રાંતિય હંગામી મજુરોનો ઠેર ઠેર ખુલ્લામાં બસેરો જોવા મળે છે. જેના લીધે દબાણ,ગંદકી અને સલામતીને લગતા પ્રશ્નો પણ ઉઠવા પામે છે. આવા સંજોગોમાં ખુલ્લામાં રહેતા શ્રમિકોએ પણ પારાવાર હાલાકી વેઠવી પડે છે. આમછતા વર્ષોથી રેઈન બસેરા બનાવાની યોજનાનો હજુ અમલ થઈ શકયો નથી. રેઈન બસેરા બનાવવા માટે એક દાયકા પહેલા ભારત સરકાર દ્વારા રેઈન બસેરા

● અનુસંધાન પાન-૭ પર

# માઉન્ટ કાર્મેલ શાળામાં શિક્ષણતંત્રના અધિકારીઓ દ્વારા તપાસ આરંભાઈ

## શાળામાં નવો માળ બાંધવા માટે વિદ્યાર્થીઓને ઉઘરાણાં કરવાની ફરજ પડાતી હોવાની વાલીમંડળની ફરિયાદ સંદર્ભે શિક્ષણતંત્રના અધિકારીઓએ વિદ્યાર્થીઓને જરૂરી પુછતાછ કરી

ગાંધીનગર તા ૯

શહેરની માઉન્ટ કાર્મેલ શાળામાં નવા બિલ્ડીંગના બાંધકામ માટે વિદ્યાર્થીઓને સ્લીપ બુક પકડાવી ઉઘરાણાં કરાવાતા હોવાની વ્યાપક ફરિયાદો ઉઠવા પામી છે. જયારે આ મામલે વાલીમંડળમાં પણ ઉગ્ર રોષ પ્રવર્તયો હતો. જાગૃત વાલીઓ દ્વારા આ અંગે ડી ઈ ઓ ને રજુઆત કરવામાં આવી હતી. સમગ્ર પ્રકરણમાં હકીકત પ્રકાશમાં આવે તે માટે જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા શિક્ષણતંત્રના વર્ગ -૨ ના અધિકારીઓને તપાસ સોંપી છે. આજે આ અધિકારીઓ દ્વારા શાળામાં પ્રત્યેક વર્ગ ખંડમાં ફરીને વિદ્યાર્થીઓને જરૂરી પુછતાછ કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓને હાથો બનાવી ફંડ ઉઘરાવાની શાળાની પેરવી સામે શિક્ષણાધિકારીને રીપોર્ટ સુપ્રત કરાયા બાદ આગળ યોગ્ય પગલા લેવાશે તેમ પણ સુત્રોએ જણાંવ્યુ છે.

શહેરની માઉન્ટ કાર્મેલ શાળા છેલ્લા બે વર્ષમાં બીજીવાર વિવાદમાં આવતા વાલીમંડળમાં તેમજ શિક્ષણવિદોમાં પણ પ્રબળ આક્રોશ પ્રવર્તયો છે. જયારે નગરના પ્રબુધ્ધ નાગરિકોમાં પણ શાળાની શૈક્ષણિક નીતી સામે પણ પ્રશ્નાર્થ ઉઠવા પામ્યો છે. અગાઉના વર્ષોમાં શાળાના સમયમાં ફેરફાર કરવાના મામલે પણ વાલીઓએ લડત આપી હતી. જયારે હાલ વિદ્યાર્થીઓને ફંડ ઉઘરાવવા માટે ફરજ પાડવામાં આવતી હોવાનુ પ્રકાશમાં આવતા જાગૃત વાલીઓમાં આક્રોશ પ્રવર્તયો છે. શહેરની માઉન્ટ કાર્મેલ શાળામાં નવો માળ બાંધવાનો હોવાથી શાળાના આચાર્ય સહીતના સ્ટાફ દ્વારા વિદ્યાર્થીઓને ફંડ એકત્રિત કરવા માટે સ્લીપ બુકનુ વિતરણ કરવામાં આવ્યુ હતુ.

જયારે સ્લીપ બુકના આધારે નાંણાં ઉઘરાવાની શાળાની આ હરકત સામે વાલીમંડળ દ્વારા જિલ્લા શિક્ષણાધિકારીને રજુઆત કરી હતી. ડી ઈ ઓ દ્વારા આ સમગ્ર પ્રકરણની તપાસ શિક્ષણ તંત્રના વર્ગ -૨ ના અધિકારીઓને આપી હતી. જેના આધારે આજે આ અધિકારીઓની ટીમે શાળામાં પહોંચી વર્ગખંડમાં વિદ્યાર્થીઓને પુછપરછ કરી હતી. આ મામલે તપાસનો રીપોર્ટ તૈયાર કરીને શિક્ષણતંત્રને સુપ્રત કરાશે. જેના અંતે આગળની કાર્યવાહી હાથ ધરાશે તેમ પણ સુત્રોએ જણાંવ્યુ છે.



પ્રતિપદા ઉત્સવ - રાષ્ટ્રીય સ્વંયસેવક સંઘ દ્વારા અમદાવાદ જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે યોજાયેલ પ્રતિપદા ઉત્સવમાં ભાગ લેવા પહોંચેલા નિવૃત્ત આઈ.પી.એસ. અધિકારી ડી. જી. વણઝારાની લાક્ષણિક તસવીર

# ગુજરાતના ખેડૂતોને બટાકા માટે વધુ સારી કિંમતો મળી

અમદાવાદ,તા. ૧૦

ગુજરાતમાં બટાકાના ખેડૂતો હાલમાં ખુશખુશાલ દેખાઈ રહ્યા છે. કારણ કે તેમની પેદાશ માટે વધુ સારી કિંમતો તેમને મળી રહી છે. બટાકાના ઉત્પાદનમાં ૧૫ ટકાનો વધારો થયો હોવા છતાં તેમની પેદાશ માટે સારી કિંમત મળી રહી છે. વર્ષ ૨૦૧૫માં પ્રતિકિલો ૫-૬ રૂપિયાની સરખામણીમાં સ્થાનિક ખેડૂતોને હોલસેલ માર્કેટમાં પ્રતિકિલો ૧૦ રૂપિયા મળી રહ્યા છે. અન્ય રાજ્યોમાં ઉત્પાદન ઓછુ રહેવાના કારણે ગુજરાતના ખેડૂતોને વધુ નફો મળી રહી છે. ઉત્તર પ્રદેશ અને પશ્ચિમ બંગાળ જેવા બટાકાના મોટા ઉત્પાદન રાજ્યોમાં ઉત્પાદનમાં ક્રમશઃ ૫-૧૫ ટકા સુધીનો ઘટાડો થયો છે. ખરાબ હવામાનની સ્થિતિ અને પ્રતિકુળ સંજોગોના પરિણામ સ્વરુપે આ સ્થિતિ સર્જાઈ છે. અલબત્ત ગુજરાતમાં પણ ઉત્પાદન આ વર્ષે ૧૦ ટકા સુધી ઘટ્યું છે. બટાકાના ઉત્પાદન વર્ષ ૨૦૧૫માં ૩૧ લાખ ટનની સામે ૩૫ લાખ ટનની આસપાસ એક લાખ હેક્ટર વિસ્તારમાં રહ્યું છે. કૃષિ પ્રધાન બાબુભાઈ બોખિરિયાએ કહ્યું છે કે, દેશભરમાં બટાકાનું ઉત્પાદન ગુજરાત સિવાય અન્ય રાજ્યોમાં ઘટ્યું છે જેથી ગુજરાતના ખેડૂતોને વધુ સારી કિંમત મળી રહી છે.

નવમી વાર્ષિક પુણ્યતિથિએ
શ્રદ્ધાંજલિ



સ્વ. જેઠાલાલ ગિરિજાશંકર રાવલ
સ્વર્ગવાસ તા. ૧૧મી એપ્રીલ ૨૦૦૭

અમારા જીવનના ઘડવૈયા તમે, તમારા સંસ્કારોથી શોભતા અમે,
સંઘર્ષ તમે કર્યો, સુખ અમને મળ્યું, કર્મ તમે કર્યા, ફળ અમને મળ્યા
કોઈ કહે પૂણ્ય કમાઈ ગયા, કોઈ કહે સુવાસ ફેલાવીને ગયા,
અમે તો કહીશું, અમારા સર્વસ્વ ગયા,
જીવન એવું જીવ્યા કે જોનારા સૌ જોયા કરે,
કર્મ સદા એવાં કર્યા કે, સૌના હૃદયમાં ગુંજ્યા કરે,
વ્યવહાર કદી ચૂક્યા નહીં, ધર્મ કદી ભૂલ્યા નહીં
સુખ-દુઃખમાં સતત હસતા રહ્યા...
પ્રભુ આપના દિવ્ય, સત્કર્મી, પૂણ્યશાળી, ધર્મિષ્ઠ, પરોપકારી આત્માને સદ્ગતિ અને ચિરશાંતિ અર્પે એ જ અભ્યર્થના.

તમારા અમે સૌ...
ગં. સ્વ. કૈલાસબેન જે. રાવલ
નરેન્દ્ર રાવલ (પુત્ર) અશોક રાવલ (પુત્ર)
જ્યોત્સના રાવલ (પુત્રવધુ) સંગીતા રાવલ (પુત્રવધુ)
વિરેન રાવલ (પૌત્ર) કેયુર રાવલ (પૌત્ર)
સ્મિતા રાવલ (પૌત્રવધુ) ચિન્મયી રાવલ (પૌત્રવધુ)
ક્રિશા રાવલ (પ્રપૌત્રી) શ્લોક રાવલ (પ્રપૌત્ર)
સ્વરા રાવલ (પૌત્રી)
માલા રાવલ (પૌત્રી), આશિષ રાવલ (જમાઈ),
વિધિ રાવલ (પ્રપૌત્રી), ગર્વ રાવલ (પ્રપૌત્ર)
સ્વ. નર્મદાબા ગિરિજાશંકર રાવલ પરિવાર

Info City Club & Resort
imagenie
DISCOVER THE MAGIC WITHIN YOU!
AN INNOVATIVE ACTIVITY CENTER
SUMMER CAMP
HURRY UP!!
Starts 1st May,2016
TENNIS GYM SWIMMING
CRICKET FOOTBALL DANCE
SUMMER SPECIAL WORKSHOP
- IMAGE CONSULTANT SPECIAL FOR LADIES
(Includes grooming session, stress management, yoga, meditation, etc.)
- DANCE CLASS SPECIAL FOR LADIES
- PUPPET MAKING FOR KIDS
- CALLIGRAPHY FOR KIDS & ADULTS
- DRAWING CLASS FOR KIDS
ORIGAMI, CLAY MODELLING, PHOTOGRAPHY, POTTERY WORKSHOP ALSO AVAILABLE
* Limited Batches
* Flexible Timing
TRAINING AND GUIDANCE BY CERTIFIED COACHES
* Terms & Conditions Apply
Call : +91 96873 17216 / 98257 93857 / 99099 06372
Infocity Club & Resort, Indroda Circle, S.G. Highway, Gandhinagar
Sam's PIZZA
" SAY NO TO TOBACCO "

મંડપ
કેટરીંગ
લાઈટીંગ
ફ્લાવરીંગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...
અક્ષી
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com